## ડોન દાઉદના સાથીની લંડનમાં ધરપકડ કરાતા મોટી સફળતા

**નવી દિલ્હી,** અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના એક નજીકના સાથી જબીર મોતીને લંડનમાંથી પકડી લેવામાં આવ્યો છે. દાઉદના પૈસાની લેવડદેવડની જવાબદારી સંભાળનાર જબીરને આખરે કસ્ટડીમાં લઇ લેવામાં આવ્યો છે. બ્રિટનની સુરક્ષા સંસ્થાઓ દ્વારા તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. જબીરની ધરપકડને ભારતની મોટી સફળતા તરીકે જોવામાં આવે છે. કારણ કે ભારત દ્વારા જ જબીરની ધરપકડ કરવા માટેની માંગ કરવામાં આવી હતી. જબીર મોતી પાકિસ્તાની નાગરિક છે અને ડી કંપનીના આર્થિક મામલાના ઈન્ચાર્જ તરીકે જોવામાં આવે છે.

## મેક્સિસ ટાયર્સ દ્વારા સાણંદ પ્લાન્ટ ખાતેથી પ્રથમ કનસાઈનમેન્ટ રવાના




મેક્સિસ ગ્રુપની વૈશ્વિક સ્તરે ઝડપથી વૃદ્ધિ પામતી ટાયર કંપનીઓમાં તેની પેટા કંપની મેક્સિસ ઈંડિયાએ તાજેતરમાં જ સાણંદ ખાતેના પ્લાન્ટથી હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈંડિયા (એમએમએસઆઈ)નું પ્રથમ ટૂ-વ્હિલર ટાયર્સ કનસાઈનમેન્ટ રવાના કર્યું છે. કંપની ૨૦૧૬થી તેની વિયેતનામની સુવિધા દ્વારા એચએમએસઆઈને 'ઈસ ટાયર્સ ફિટમેન્ટ પૂરી પાડી રહી છે.

આ પ્રસંગે મેક્સિસ ઈંડિયાના પ્લાન્ટ હેડ શ્રી લિવએ જણાવ્યું, " મેક્સિસ ઈંડિયા ખાતે અમે અમારા લાંબાગાળાથી ભાગીદાર હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈંડિયાને પ્રથમ 'મેડ ઈન ઈંડિયા' કંસાઈનમેન્ટ મોકલી રહ્યા છીએ ત્યારે આ અમારા માટે વિશેષ પ્રસંગ છે. મેક્સિસે વૈશ્વિક અને ભારતમાં સિમાચિહ્ન ઉત્પાદન ગુણવત્તા અને ગ્રાહક સેવા પ્રદાન કરી ઉચ્ચ ધોરણો સુયોજીત કર્યા છે, જેમાં કોઇ અપવાદ નથી. જો કે, એચએમએસઆઈ માટે આ અમારૂં પ્રથમ સ્થાનિક રીતે ઉત્પાદિત કનસાઈનમેન્ટ છે, પરંતુ મેક્સિસ ૨૦૧૫થી હોંડા એક્ટિવા માટે પ્રાધાન્યવાળું મૂળ ટાયર સપ્લાયર રહી છે."

૧૦૦% સ્થાનિક ઉત્પાદકતા સાથેનું એક્ટિવા ૫જી, એક્ટિવા આઇ અને ડીયો સ્કૂટર માટેનું પ્રથમ ટાયર મોડલ ૯૦/૧૦૦-૧૦ ૬૦૦૦ છે. આ ટાયરની ડિઝાઈન વાહનોને મધુ મજબૂતાઇ અને સુરક્ષા પ્રદાન કરવા માટે કરવા માટે આવી છે. (૧-૭)

## સોની રજૂ કરે છે તેની પ્રથમ ડોલ્બી વિઝન કેપેબલ UBP-X700 4K Ultra HD Blu-ray™ પ્લેયર

**નવી દિલ્હી,** પોતાના ગ્રાહકોને ઉત્તમ સિનેમેટીક અનુભવ પૂરો પાડવા માટે સોની ઈન્ડિયાએ પ્રથમ ડોલ્બી વિઝન કેપેબલ 4K Ultra HD Blu-Ray પ્લેયર રજૂ કર્યું છે. સોનીના 4K અલ્ટ્રા એચડી બ્લૂ- રે પ્લેયર્સની આ લેટેસ્ટ એડીશન છે, જે અદ્દભૂત રંગો, વધુ ડાયનેમિઝમ અને સ્ટાન્ડર્ડ એચડી પ્લેયર્સની તુલનામાં વાસ્તવિકતાનો અનુભવ કરાવે છે. UBP-X700 HDR જોવાના અનુભવમાં પૂરક બને છે અને HDR10 તથા ડોલ્બી વિઝનને Firmware update દ્વારા સપોર્ટ કરે છે.

ડોલ્બી વિઝન કેપેબલ 4K Ultra HD Blu-Ray પ્લેયર વડે રિયલ લાઈફ પિક્ચર માણો

આ પ્લેયર 4K Ultra HD Blu-Ray પૂરૂ પાડે છે, જે દરેક બાબતની સૂક્ષ્મ વિગત દર્શાવીને વધુ રિયલ લાઈફ પિક્ચર પૂરૂ પાડે છે. જે રીતે HDR પિક્ચર પ્લેયરમાંથી ટીવી સ્ક્રીન ઉપર ડિલિવર કરાય છે ત્યારે UBP-X700 HDR10 ને સપોર્ટ કરે છે અને અદ્દભૂત ડિટેઈલ, રંગો અને બ્રાઈટનેસ સાથે ડોલ્બી વિઝન પૂરૂ પાડે છે. ટૂંક સમયમાં તે Firmware અપડેટ મારફતે ઉપલબ્ધ થશે.

HDR10 સિગ્નલ સ્ટાન્ડર્ડ (SDR) 100x જેટલી બ્રાઈટનેસ તથા ડીપ અને ખૂબ જ ડિટેઈલ ધરાવતા બ્લેકનું અપસ્કેલીંગ કરીને વિઝ્યુઅલ અનુભવ પૂરો પાડે છે. 4K પ્રોસેસીગથી સિનેમેટિક અનુભવ પ્રાપ્ત થાય છે અને ૮ મિલિયન પિક્સલથી વધુ પિક્ચર ક્વોલિટી મળે છે, જે ફૂલ એચડી કરતાં ચાર ગણી વધારે છે.(૧૯-૧)

## ફોકીયા અને ડબ્લ્યુ આઈ એ એ દ્વારા તાલીમ કેન્દ્ર ની શરૂઆત




ઓફિસ નં. ૨૩૧, પ્રથમ માળ, ફ્રેન્ડસ સ્ક્વેર, ગાંધીધામ – કચ્છ ખાતે શ્રી વાસણભાઈ આહીર, માનનીય મંત્રીશ્રી , ગુજરાત સરકાર ના હસ્તે તાલીમી લાયસન્સ રજીસ્ટ્રેશન - એલએલઆર અને ડ્રાઈવર તાલીમ કેન્દ્ર નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જેને ડબ્લ્યુ આઈ એ એ - વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિયેશન દ્વારા પ્રમોટ કરેલ અને ફોકીયા સપોર્ટ કરેલ છે. ડબ્લ્યુઆઈએ એ કંપની અધિનિયમ, ૧૯૫૬ ની સે. ૨૫ હેઠળ નોંધાયેલી એક કંપની છે, જે તેના સભ્યો અને મોટરચાલકોની હિતો, સરકાર અને અન્ય ક્ષેત્ર અને ઉદ્યોગ જૂથોને રજૂ કરે છે. . નિતિન ડોસા, ચેરમેન, ડબલ્યુઆઈએએ જણાવ્યું હતું કે ડબ્લ્યુ આઈ એ એ તેના ૯૯ મા વર્ષમાં છે અને તેના કેન્દ્ર અને રાજ્ય સરકારના મોટર વાહન ધારા હેઠળ અધિકૃત કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ માં અતિથી વિશેષ તરીકે ડૉ. નીમાબેન આચાર્ય, ધારાસભ્ય - ભુજ, શ્રી પ્રદ્યૂમંસિંહ જાડેજા, ધારાસભ્ય - અબડાસા, શ્રી આર એમ જાદવ, આઈ.એ.એસ., ટ્રાન્સપોર્ટ કમિશનર, ગુજરાત સરકાર હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં શ્રી ડી. એચ. યાદવ, પ્રાદેશિક પરિવહન અધિકારી- ભુજ – કચ્છ , કચ્છ ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના પ્રમુખ, ડૉ. નવઘણ વી આહીર, તમામ તાલુકાના ટ્રક પરિવહન સંગઠનો, ટ્રક માલિકો અને ટ્રક સંચાલકો અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. શ્રી એડિલ જે. કાતરક, પ્રમુખ, ડબલ્યુઆઈએએ પણ હાજર હતા. (૧૩-૯)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Owner : Kalyani Pub. Pvt. Ltd.

# અટલની અસ્થિઓ હરિદ્વારમાં ગંગામાં લિન : સમર્થક ઉમટ્યા

**નવી દિલ્હી,** દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની અસ્થિઓને આજે હરિદ્વારમાં ગંગા નદીમાં વિસર્જિત કરવામાં આવી હતી. આ પહેલા સવારે દિલ્હીથી અસ્થિ કળશ પહોંચ્યા બાદ ભલ્લા કોલેજ ગ્રાઉન્ડથી હરકીપોડી સુધી બે કિલોમીટરની લાંબી યાત્રા કાઢવામાં આવી હતી. આ ગાળા દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ, ઉત્તરસપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્રમસિંહ સહિત અનેક વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. અસ્થિકળશ યાત્રામાં ભાજપના કાર્યકરો સહિત હજારો લોકો જોડાયા હતા. હરકીપોડી પર મંચ તૈયાર કરવાની કામગીરી પહેલાથી જ હાથ ધરવામાં આવી હતી. અસ્થિ વિસર્જન બાદ જુદી જુદી પ્રક્રિયા પણ યોજવામાં આવી હતી. દિલ્હી સ્થિત સ્મૃતિ સ્થળથી અસ્થિઓ લઇ લેવામાં આવી હતી જેને ત્રણ જુદા જુદા કળશમાં મુકવામાં આવી હતી. વાજપેયીની અસ્થિઓને દેશભરમાં આશરે ૧૦૦ નદીઓમાં વિસર્જિત કરવામાં આવી રહી છે. વાજપેયી યાદમાં આવતીકાલે સોમવારના દિવસે ડી જાધવ સ્ટેડિયમમાં સર્વપક્ષીય પ્રાર્થના સભા યોજવામાં આવશે. સાથે સાથે તમામ રાજ્યોના પાટનગરમાં પ્રાર્થના સભા યોજવામાં આવશે.

આ પહેલા અસ્થિકળશ શાંતાકુંજમાં સ્થાપક પંડિત રામશર્મા આચાર્ય અને માતા ભગવતીદેવી શર્માની સમાધિ સ્થળ પર મુકવામાં આવી હતી. મધ્યપ્રદેશે હવે ત્રણ પુરસ્કાર અટલ બિહારી વાજપેયીના નામ ઉપર આપવાનો નિર્ણય કર્યો છે. ઉત્તરપ્રદેશ સરકાર વાજપેયીના સન્માનમાં સ્મારક બનાવશે. રાજ્યમાં ચાર સ્મારક આગરા, કાનપુર, બલરામપુર અને લખનૌમાં બનાવવામાં આવશે. બલરામપુર સંસદીય ક્ષેત્રમાંથી વાજપેયી પ્રથમ વખત સાંસદ તરીકે ચુંટાઈ આવ્યા હતા અને લખનૌમાં તેમની કર્મભૂમિ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું ૧૬મી ઓગસ્ટના દિવસે સાંજે પાંચ વાગે એમ્સમાં સારવાર દરમિયાન અવસાન થયું હતું. તેઓ ૯૩ વર્ષના હતા. તેમના ૧૭મી ઓગસ્ટના દિવસે સાંજે સ્મૃતિ સ્થળ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. વાજપેયીને યુરિન ઈન્ફેક્શન અને કિડની સંબંધિત તકલીફના કારણે ૧૧મી જૂનના દિવસે એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડાયાબિટીસની તકલીફ પણ તેમને હતી. વાજપેયી છેલ્લા ઘણા સમયથી એક જ કિડની પર ચાલી રહ્યા હતા.

છેલ્લે ૨૦૧૫માં તેમનો ફોટો સપાટી ઉપર આવ્યો હતો જ્યારે તેઓ ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના આવાસ ઉપર જઈને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કર્યા હતા. છેલ્લા ૯ સપ્તાહથી એમ્સમાં તેમને સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકથી લાઈફ સપોર્ટ સિસ્ટમ ઉપર હતા. આઈસીયુમાં તબીબોની ટીમ દ્વારા બચાવવાના તમામ પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ ૯૩ વર્ષીય વાજપેયીને બચાવી શકાયા ન હતા. ૨૦૦૯માં સ્ટ્રોકનો હુમલો થયા બાદ તેમની વિચારવાની શક્તિ ખતમ થઇ ગઇ હતી. ત્યારબાદ ડિમેન્શિયાથી ગ્રસ્ત થઇ ગયા હતા. જેમ જેમ તેમની તબિયત ખરાબ થતી ગઇ તેમ તેમ તેઓ પોતાને સાર્વજનિક જીવનથી દૂર કરતા ગયા હતા.

## મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સ સૌથી વધુ વફાદાર ગ્રાહક મૂળ સાથે ઉદ્યોગમાં આગેવાન

ભારતમાં અગ્રણી જીવન વીમા કંપનીમાંથી એક મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે કાંતાર આઈએમઆરબી દ્વારા હાથ ધરવામાં આવેલા ગ્રાહક વફાદારી પરના સ્વતંત્ર સર્વેક્ષણમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. આ સર્વેક્ષણમાં એવું બહાર આવ્યું છે કે ૭૭ ટકા ગ્રાહકો કંપનીને વફાદાર છે. મેક્સ લાઈફ આ વર્ષે સર્વેમાં જેમનું પગેરું મેળવવામાં આવ્યું તે એલઆઈસી સહિતની ૧૩ અગ્રણી જીવન વીમા કંપનીઓમાં ગયા વર્ષના છઠ્ઠા સ્થાન પરથી અવ્વલ સ્થાને આવી છે. સર્વે માટેના ડેટા ૨૦૧૮ના પ્રથમ ત્રિમાસિકમાં જમા કરવામાં આવ્યા હતા. ૧૫ શહેરમાં ૭૦૦૦ ગ્રાહકોને તેમાં આવરી લેવાયા હતા. ઈન્શ્યુરન્સ ઈન્ડિયા સ્વતંત્ર ગ્રાહક વફાદારી સર્વે છે, જે કાંતાર આઈએમઆરબી દ્વારા ૨૦૧૨થી વાર્ષિક હાથ ધરવામાં આવે ચે અને હાલમાં તેની ૭મી આવૃત્તિ છે. જીવન વીમા અવકાશમાં ગ્રાહકોની વફાદારીનું માપન કરવા માટે તે સૌથી વિશ્વસનીય, કોઈ પણ પૂર્વગ્રહ વિનાનું અને વિશ્વસનીય સર્વેક્ષણમાંથી એક માનવામાં આવે છે.

આ સિદ્ધિ વિશે બોલતાં મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સના સિનિયર ડાયરેક્ટર અને ચીફ ઓપરેશન્સ ઓફિસર શ્રી વી. વિશ્વાનંદે જણાવ્યું હતું કે દેખીતી રીતે જ અમારે માટે આ ગૌરવશાળી અવસર છે. સ્વતંત્ર સર્વે તરફથી આ સન્માન ગ્રાહક અનુભવની વાત આવે ત્યારે નવી ઊંચાઈએ લઈ જવાની અમારી કટિબદ્ધતાને તે વધુ મજબૂત બનાવો છે. ગ્રાહકલક્ષીતા મેક્સ લાઈફના મૂલ્યોના હાર્દમાં છે અને અમે જે પણ કરીએ તેમાં ગ્રાહકોને પ્રથમ રાખવા માટે સતત પ્રયત્નશીલ રહગીએ છીએ. અમારો દાવા ચુકવણીનો રેશિયો ૯૮.૨૬ ટકા છે અને ફરિયાદ ઘટના દર નાણાકીય વર્ષ ૨૦૧૮માં ૧૦,૦૦૦ પોલિસી દીઠ ૯૩ હતો, જે નાણાકીય વર્ષ ૨૦૧૭માં ૧૦,૦૦૦ પોલિસી દીઠ ૧૭૨ પરથી નીચે આવ્યો છે, જે આ દિશામાં અમારી કટિબદ્ધતાનો પુરાવો છે. (૨૨-૧)

## ઑસ્ટ્રેલિયાએ ભારતીય પ્રવાસીઓ માટે ઓનલાઈન વિઝિટર વિઝા અરજીને સરળ બનાવી

વર્ષ ૨૦૧૭ની મધ્યમાં, ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટ અને બોર્ડર પ્રોટેક્શન, જે અગાઉ ગૃહ ખાતાના વિભાગ (એચ.એ.), હતા. જે ભારતના તમામ નાગરિકો માટે વિઝિટર વિઝા ઍપ્લેકશનના ઑનલાઇન નિવાસમાં વિસ્તરણ કર્યું છે ઓનલાઈન એપ્લિકેશનની પ્રક્રિયા ઑસ્ટ્રેલિયા જવા ઈચ્છનારા ભારતીયો માટે વધુ અનુકૂળ વિકલ્પો પુરા પડે છે. તે પોતાના ઘરેથી ઓસ્ટ્રેલિયન પ્રવાસી વિઝા માટે અરજી કરી શકે છે, તેમાં બાયોમેટ્રિક અથવા સ્વ-વિભાગમાં પાસપોર્ટ રજૂ કરવાની કોઈ જરૂર નથી. આજકાલ, પ્રવાસીઓ પોતાની લક્ઝરીયસ યોજનાઓ ખુદ તૈયાર કરે છે, તેથી, ઇ-લોજીશનની સુવિધા આપવાથી, ઑસ્ટ્રેલિયાની યાત્રાની યોજના કરતી વખતે પ્રવાસીઓ વધુ સ્વતંત્રાતા મેળવે છે અને આથી ભારતમાં પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. આ નવી વિઝા પ્રણાલી ની શરૂઆત કર્યા પછી ભારતથી ઑસ્ટ્રેલિયા જવા વાળા પ્રવાસીઓની સંખ્યામાં ૨૦ ટાકા નો વધારો થયો છે.

આ સફળતા અંગે ટીપ્પણી કરતા ઑસ્ટ્રેલિયા ટૂરિઝમ કન્ટ્રી મેનેજર-ભારત " નિશાંત કાશિકરએ જણાવ્યું હતું કે, આજનાં પેસેન્જર ડિજિટલ રૂપથી મજબૂત છે અને મોટાભાગના કાર્યો માટે ક્લિક અથવા ટૅપ કરવાનું પસંદ કરે છે. આજકાલ ડિજિટલ મીડિયાનો ઉપયોગ મુસાફરીના તમામ પાસાઓમાં કરવામાં આવે છે, તેથી, ઑનલાઇન વિઝિટર વિઝા લોજિમેન્ટ એ પ્રવાસની સુવિધા માટે એક પ્રગતિશીલ અને શોધખોળ અભિગમ છે. સ્થળોતો પ્રવાસીઓને આકર્ષિત કરે જ છે પણ પ્રક્રિયાની સરળતાથી તેમનો નિર્ણય વધુ સરળ બને છે. પ્રવાસીઓ માટે વિઝાનું ડિજિટાઇઝેશન એક ઉત્તમ સુવિધા છે, જેથી ભારતીય મુલાકાતીઓમાં ઑસ્ટ્રેલિયા માટે આકર્ષણ વધે છે. " (૧૯-૧૦)

## બીએનપી પરિબાસ ઈન્ડિયા કન્ઝમ્પશન ફંડ ૧૭ ઓગસ્ટથી સબસ્ક્રિપ્શન્સ માટે ખુલ્લું મુકાયુ




**મુંબઈ,** બીએનપી પરિબાસ એસેટ મેનેજમેન્ટની ભારતીય પાંખ બીએનપી પરિબાસ એસેટ મેનેજમેન્ટ ઈન્ડિયા પ્રા. લિ.એ બીએનપી પરિબાસ ઈન્ડિયા કન્ઝમ્પશન ફંડની ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) આજે જાહેર કરી છે. આ ઓપન- એન્ડેડ ઈક્વિટી ફંડ ભારતીય ગ્રાહકોની વધતી ઉપભોગ (પ્રોડક્ટો અને સેવાઓની) જરૂરતોમાંથી લાભ લેવાની અપેક્ષા રાખતી કંપનીઓમાં રોકાણ કરીને મૂડી વૃદ્ધિ ઊપજાવવા અને લાંબે ગાળે વૃદ્ધિની તકો પૂરી પાડવા ધારે છે. એનએફઓ સબસ્ક્રિપ્શન માટે ૧૭મીથી ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૮ સુધી ઉપલબ્ધ રહેશે. આ યોજના વાહન, બેન્કો, સિમેન્ટ્સ, બાંધકામ (રિયલ એસ્ટેટ), કન્ઝયુમર ડ્યુરેબલ્સ અને નોન-ડ્યુરેબલ્સ, ખાતર, ફાઈનાન્સ, ગેસ (ગ્રાહકલક્ષી ગેસ વિતરણ), આરોગ્ય સંભાળ સેવાઓ, હોટેલ્સ, મિડિયા અને મનોરંજન, જંતુનાશકો, ફાર્માસ્યુટિકલ્સ, રિટેઈલિંગ, ટેલિકોમ સેવાઓ, ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ અને સંબંધિત મૂલ્ય શૃંખલાના વેપારો જેવાં ક્ષેત્રોમાં રોકાણ કરશે.

બીએનપી પરિબાસ ઈન્ડિયા કન્ઝમ્પશન ફંડ વિશે બોલતાં મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ શરદ શર્માએ જણાવ્યું હતું કે ભારત વિવિધ આવક વર્ગમાં એક અબજ ગ્રાહકોના આધાર સાથે વિશાળ અને વૃદ્ધિ પામતી કન્ઝયુમર માર્કેટ ધરાવે છે. વધતી ઘરગથ્થુ આવકો, શહેરીકરણ, પારંપરિક સંયુક્ત પરિવારના માળખામાં ઘટાડો એ આ વૃદ્ધિમાં અમુક મુખ્ય યોગદાનકારીઓ છે. આજે નાગરિકો દાયકા પૂર્વે કરતાં વધુ ઉપભોગ કરવા લાગ્યા છે અને આ બદલાતી ઉપભોગની શૈલી આ જરૂરતોને પહોંચી વળતાં લક્ષ્યનાં ક્ષેત્રો અને કંપનીઓમાંથી લાભ લેવાની ધારણા છે. (૧)

## કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા આયોજિત નિઃશુલ્ક મેડિકલ કેમ્પમાં જરૂરિયાતમંદ લોકોએ લાભ લીધો




સામાજિક જવાબદારીના ભાગરૂપે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા અમદાવાદ જિલ્લાના ભાત ખાતે નિઃશુલ્ક આરોગ્ય તાપસ અને સારવાર શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાત તેમજ નજીકના ગામડાંઓ માંથી લગભગ ૯૫૦ જેટલા ગરીબ, જરૂરિયાતમંદ દર્દીઓએ તાપસ અને સારવારનો લાભ લીધો હતો. ૧૦ જેટલા વિવિધ નિષ્ણાત ડોક્ટર્સની ટીમ તથા ૧૫ જેટલા આરોગ્ય સહાયક દ્વારા આ કેમ્પમાં સેવાઓ પૂરીપાડવામાં આવી હતી તેમજ તાત્કાલિક જરુરીઆત વાળા દર્દીઓને જરૂરી દવાઓ પણ નિઃશુલ્ક પુરી પાડવામાં આવી હતી.

કેમ્પ દરમિયાન ૭૪ એવા દર્દીઓ તપાસવામાં આવ્યા કે જેઓને વધુ સારવારની જરૂર હતી. આવા દર્દીઓને કેડિલા દ્વારા કાકા બા હોસ્પિટલ, હાંસોટ ખાતે આંખ, દાંત, સ્ત્રીરોગ, પ્લાસ્ટિક અને જનરલ સર્જરી વિ. વધુ જરૂરી સારવાર તદ્દન નિઃશુલ્ક પુરી પાડવામાં આવશે.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર, ડો. રાજીવ મોદી, દ્વારા જણાવવામાં આવ્યું કે કેડિલા હંમેશા સંપૂર્ણ અને સાતત્યપૂર્ણ વિકાસ માટે સતત પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે. કાકા બા ટ્રસ્ટ હેઠળ અમો સામાજિક વિકાસ માટેના વિવિધ આયોજનો કરી જરૂરિયાતમંદ લોકોની સુખાકારી માટે હંમેશા પ્રયત્નો કરતા આવ્યા છીએ.

આ પ્રસંગે કાકા બા હોસ્પિટલના મુખ્ય સંયોજક ડો. ભારત ચાંપાનેરિયાએ જણાવ્યું હતું કે, અમારો ઉદ્દેશ્ય રાજ્યના વધુ ને વધુ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચીને તેમને ગુણવત્તા સભર આરોગ્ય સેવાઓ પુરી પાડવાનો છે. તેમજ આવનારા સમયમાં આરોગ્ય સેવાઓ અને સાતત્યપૂર્ણ વિકાસ માટેનો અમારો પ્રયત્ન હંમેશા ચાલુ રહશે.

**ઈશાન ડાઈઝ એન્ડ કેમિકલ લીમીટેડ**
CIN: L24110GJ1993PLC020737
**રજીસ્ટર્ડ ઓફિસઃ** ૧૮, જીઆઈડીસી એસ્ટેટ, ફેઝ-૧, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫, ગુજરાત, ભારત **ટેલીફોન નં.:** ૦૭૯-૨૫૮૩૨૧૪૪/૨૫૮૯૩૬૦૭ ફેક્સઃ ૦૭૯-૨૫૮૩૩૬૪૩
વેબસાઈટઃ www.ishandyes.com / ઈ-મેઈલઃ ishandyes@yahoo.com

**૨૫મી વાર્ષિક સમાન્ય સભા, બુક ક્લોઝર અને ઈ-વોટીંગની માહિતી માટે નોટીસ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે, કંપનીની ૨૫મી વાર્ષિક સામાન્ય સભા **શુક્રવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બપોરે ૨.૩૦ વાગે** ૧૮,જીઆઈડીસી એસ્ટેટ, ફેઝ-૧, વટવા, અમદાવાદ ૩૮૨૪૪૫ ખાતે ૨૫મી એજીએમની નોટીસમાં જણાવ્યો પ્રમાણેના કામકાજ સારુ મળશે. જે સભ્યો તા.૧૪મી ઓગષ્ટ ૨૦૧૮ (કટ ઓફનો હેતુ મોકલવાનો)ના રોજ શેર ધરાવતા હશે અને સભ્ય હશે તેમને ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલની સાથે નોટીસ મોકલવાની કાર્યવાહી તા. ૨૦મી ઓગસ્ટ, સોમવારના રોજ પુરી કરી છે.
આથી વધુ નોટીસ આપવામાં આવે છે કે કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ મુજબ તેના રૂલ ૧૦ (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્રેશન) રૂલ, ૨૦૧૪ લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ રીક્વાયરમેન્ટ રેગ્યુલેશન, ૨૦૧૫ સભ્ય નોંધણીની કાર્યવાહી અને શેર ટ્રાન્સફર બુક **૦૮મી સપ્ટેમ્બર ૨૦૧૮ થી ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી** (બન્ને દિવસો સહિત) કંપનીની એજીએમના હેતુ સારુ બંધ રહેશે.
કંપની એક્ટ ૨૦૧૩ની કલમ ૧૦૮ મુજબ વધુ નોંધ લેવાની જરૂર છે કે તેની સાથે કંપની રૂલ ૨૦ (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્રેશન) રૂલ-૨૦૧૪ કંપનીની વધારાની (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્રેશન) કંપનીનો સુધારો, ૨૦૧૫ (ધ રૂલ) કંપની તેના શેર હોલ્ડરો ઈલેક્ટ્રોનીકલી મત આપવા માટે સગવડતા પૂરી પાડે છે. ૨૫મી એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવા ઈ-વોટીંગનો પ્લેટફોર્મ સીડીએસએલ દ્વારા પુરૂ પડાશે. જે સભ્યો ફીઝીકલ અથવા તો ડિમેટાલાઈજેશન કટ ઓફ ડેટ શુક્રવાર, ૦૭ સપ્ટેમ્બર, ૨૦૧૮ સુધીમાં શેર ધરાવતા હોય તેઓ ઈલેક્ટ્રોનિકલી મત આપી શકશે. ૨૫મી એજીએની નોટીસ પછી જે સભ્યો કટ ઓફ ડેટએ શેર ધરાવતા હોય તેઓ યુઝર આઈડી અને પાસવર્ડ માટે ઈ-મેઈલ આઈડી ishandyes@yahoo.com પર વિનંતી મોકલી મેળવી શકે છે.કંપની એક્ટ ૨૦૧૩માં આપેલી જોગવાઈ મુજબ અને નિયમો અહીં નીચે આપવામાં આવ્યા છે.
૧. રીમોટ ઈ-વોટીંગ માટે નો સમય અને તારીખ મંગળવાર, તા.૧૧મી સપ્ટેમ્બર,૨૦૧૮ના રોજથી (સવારે ૯ વાગે આઈએસટી).
૨. રીમોટ ઈ-વોટીંગ પુરો થવાનો સમય ગુરૂવાર, તા.૧૩મી સપ્ટેમ્બર,૨૦૧૮ ના રોજ સાંજના ૫ વાગ્યા આઈએસટી) સુધી.
૩. રીમોટ ઈ-વોટીંગ ગુરૂવાર, ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ સાંજના ૫ વાગ્યા પછી માન્ય ગણાશે નહીં.
૪. ડીપોઝીટરીઝ દ્વારા જે બેનીફીશીયલ ઓનર્સ તા. ૦૭મી સપ્ટેમ્બર ૨૦૧૮, શુક્રવાર,ના રોજ નોંધાયેલા છે તેઓ જ રીમોટ ઇ-વોટીંગ અને એજીએમના સ્થળે મત આપવાનો અધિકાર મળશે.
૫. એજીએમના સ્થળે જે સભ્યો હાજર હશે તેમને કંપની પોલ મારફતે મત આપવાની સગવડ પુરી પાડશે. જે સભ્ય રીમોટ ઇ વોટીંગ મારફતે મત આપવાના પોતાના અધિકારનો ઉપયોગ કર્યા બાદ એજીએમમાં ભાગ લઈ શકશે પણ મિટીંગમાં બીજી વાર મત આપવાને હકદાર ઠરશે નહીં.
૬. ૨૫મી એજીએમની નોટીસ અને ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ કંપની ની વેબસાઈટ www.ishandyes.com અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ છે.
૭. ઈ-વોટીંગ બાબતે સભ્યોને કોઈપણ પ્રકારનો પ્રશ્ન હોય તો શ્રીમતી અંકીતા વી. શાહ, કંપની સેક્રેટરી અને કમ્પલોયન્સ ઓફિસર, ઈશાન ડાઈઝ એન્ડ કેમિકલ લીમીટેડ, ૧૮, જીઆઈડીસી એસ્ટેટ, ફેઝ-૧, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫. ટેલીફોન નં.૦૭૯-૨૫૮૩૨૧૪૪/૨૫૮૯૩૬૦૭ અને ઈ-મેઈલ ishandyes@yahoo.com પર મળી શકશે.

**બોર્ડ ડાયરેક્ટરના આદેશથી**
**ઈશાન ડાઈઝ એન્ડ કેમીકલ્સ લીમીટેડ**
**એસડી/-**
**પીયુશ એન પટેલ**
**ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર**
**સ્થળઃ અમદાવાદ**
**તારીખ : ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૮**

# પીએમ આવાસ સ્કીમ : પાંચ વર્ષ મકાનને વેચી નહીં શકાય

**નવી દિલ્હી,** પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર ખરીદનાર માટે પાંચ વર્ષના લોક ઇન પિરિયડ રાખવાની યોજના બની રહી છે. આનો મતલબ એ થયો કે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર ખરીદનાર લોકો પાંચ વર્ષ સુધી તેને વેચી શકશે નહીં. આના પર સૈદ્ધાંતિકરીતે સહમતિ થઇ ગઇ છે. ટૂંક સમયમાં જ આની જાહેરાત કરવામાં આવશે. સ્કીમનો લાભ અસલ લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે. હાલમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૫૪ લાખ ઘરને મંજુરી મળી છે. આઠ લાખ ઘર બની ગયા છે.

સુત્રોના કહેવા મુજબ સરકારને લાગી રહ્યું છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાનો ખોટો ઉપયોગ થઇ શકે છે. લોકો પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન લઇને તેને પ્રોપર્ટી ડીલર્સને વેચી શકે છે. આવી સ્થિતિમાં સરકાર દ્વારા લોનમાં આપવામાં આવતી સબસિડી બિનજરૂરી થઇ જશે. નાણામંત્રાલયના ઉચ્ચ અધિકારીઓનું કહેવું છે કે, સરકારનો હેતુ છે કે, જે લોકોની પાસે પોતાના મકાન નથી તેને મકાન મળે. આજ કારણ છે કે, લોન પર આટલી મોટી સબસિડી મળી રહી છે. જો આનો દુરુપયોગ થશે તો આ યોજનાનું કોઇ મહત્વ રહેશે નહીં. દુરુપયોગને રોકવા માટે કડક નીતિગત પગલા લેવામાં આવી રહ્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજનાની સમીક્ષા હેતુસર થોડાક સમય પહેલા જ મિટિંગ બોલાવવામાં આવી હતી જેમાં પીએમઓ, નાણામંત્રાલય અને અન્ય સંબંધિત મંત્રાલયોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આમા વડાપ્રધાન આવાસ યોજનામાં લોક ઇન પિરિયડને નક્કી કરવામાં આવેલી અવધિને લઇને પણ વાત કરવામાં આવી હતી.

# કેરળ : રાહત કેમ્પોમાં હવે રોગચાળાનો ભય

**કોચી,** કેરળમાં વરસાદની ગતિ ધીમી પડી હોવા છતાં અનેક ખતરાઓ રહેલા છે. કેરળમાં જળપ્રલયના તાંડવ વચ્ચે બચાવ અને રાહત કામગીરી ઝડપી કરવામાં આવી છે પરંતુ રાહત કેમ્પોમાં રોકાયેલા લોકો ઉપર બિમારીઓનો ખતરો તોળાઈ રહ્યો છે. ૮મી ઓગસ્ટ બાદથી અવિરત વરસાદના પરિણામ સ્વરુપે પ્રદેશમાં એક સદીમાં સૌથી વિનાશકારી પુર આવ્યું છે. ૧૦ દિવસના ગાળામાં જ ૧૯૦થી વધુ લોકોના મોત થઇ ચુક્યા છે. પુરના પરિણામ સ્વરુપે ભેખડો ધસી પડતા સૌથી વધુ લોકોના મોત થયા છે. સેના, એનડીઆરએફ સહિત સરકારી સંસ્થાઓ બચાવ અને રાહત કામગીરીમાં લાગેલા છે. હજારો રાહત કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોને રાખવામાં આવેલા છે. આવી સ્થિતિમાં સુધારો થવામાં હજુ સમય લાગી શકે છે. મુખ્યમંત્રી વિજયનનું કહેવું છે કે, રાહત સામગ્રીની કોઇપણ કમી દેખાઈ રહી નથી.

**ઈન્ટરેક્ટીવ ફાઈનાન્સીયલ સર્વિસેસ લીમીટેડ**
**રજી. ઓફીસ : એ -૧૦૦૬, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ , અમદાવાદ-૩૮૦૦૦૯**
ઈ-મેઈલ : info@ifinservices.com, વેબસાઈટ: www.ifinservices.com
**ફોન નં.** +91-79-26581240
CIN: L65910GJ1994PLC023393

**૨૪મી સામાન્ય સભા અને ઈ-વોટીંગ તથા બુક ક્લોઝર ની નોટીસ**

આથી અહીં નોટીસ આપવામા આવે છે કે
૧. કંપનીની ૨૪મી સામાન્ય સભા (એજીએમ) ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૮, શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ વાગે રજીસ્ટર્ડ ઓફિસ એ-૧૦૦૫, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણેના કામકાજ સારુ મળશે.
૨. એજીએમની ફીઝીકલ કોપી જેમના સરનામા કંપની પાસે નોંધાયેલા છે. તે ઉપર મોકલી આપવામાં આવી છે. કંપનીની એજીએમ નોટીસ કંપનીની વેબસાઈટ www.ifinservice.com પર પણ ઉપલબ્ધ છે.
૩. જે વ્યક્તિ પાસે ફીઝીકલ અથવા ડિમેટાલાઈઝ્ડ શેર કટ ઓફ ડેટ શુક્રવાર ૭મી સપ્ટેમ્બર સુધીમાં હોય તે એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણે કાર્યવાહી તરીકે ઈલેક્ટ્રોનીકલી મતદાન કરી શકશે. જે માટે ઈલેક્ટ્રોનીક વોટીંગ સિસ્ટમ સેન્ટ્રલ ડિપોટઝરી સર્વિસ (ઈન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) મારફતે મતદાન કરી શકશે. બધા સભ્યોને જાણ કરવામાં આવે છે કે :
(એ) એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કદાચ ઈલેક્ટ્રોનીક્સ મતદાનથી થાય.
(બી) ઈલેક્ટ્રોનીક માધ્યમથી વોટીંગ ૦૯મી સપ્ટેમ્બર,૨૦૧૮ના રવિવારના રોજ સવારે ૧૦.૦૦ વાગે ચાલુ થશે અને ૧૩મી સપ્ટેમ્બર,૨૦૧૮,ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ વાગે બંધ થશે.
(સી) ૧૩મી સપ્ટેમ્બર,૨૦૧૮,ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પછી ઈ-વોટીંગની મંજૂરી આપવામાં નહીં આવશે.
(ડી) જે સભ્યો કંપનીની "(કટ ઓફ ડેટ રેકાર્ડ ડેટ)" એટલે કે શુક્રવાર, ૭મી સપ્ટેમ્બર,૨૦૧૮ સુધી કંપનીના ડીમેટરીલાઈઝેશન અથવા ફિજિકલ શેર ધરાવતા હોય તેઓજ ઈલોક્ટ્રોનિક રીતે અથવા એજીએમ માં મત આપવા માટે લાયક ગણાશે
(ઈ) એજીએમની નોટીસ કંપનીની વેબસાઈટ www.ifinservices.com અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com ઉપર ઉપલબ્ધ છે.
(એફ) ઈલેક્ટ્રોનીક વોટીંગ ની પ્રોસેસ અને મેનર માટે સભ્યો એજીએમની નોટીસમાં રહેલ નિર્દેશ અથવા સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com ઉપર જવું.
૪. જો કોઈ વ્યક્તિ મીટીંગની નોટીસ મોકલ્યા બાદ કંપનીના સભ્ય બને અને શુક્રવાર, ૦૭મી સપ્ટેમ્બર ૨૦૧૮ ની કટ ઓફ તારીખ સુધીમાં શેર ધરાવતા હોય, તો તે યુઝર આઈડી અને પાસવર્ડ દ્વારા કંપની ની વેબસાઈટ www.ifinservices.com પર અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર દર્શાવેલી નોટીસમાં જે સુચનાઓ છે તે પ્રમાણે ઈ-વોટીંગ કરી શકે છે.
૫. સભ્યો રીમોટ ઈ-વોટીંગ દ્વારા તેમનો મત આપ્યા બાદ પણ એક્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગમાં ભાગ લઈ શકશે, પરંતુ સભામાં ફરીવાર મત આપી શકશે નહીં.
૬. ઈ-વોટીંગ બાબતે કોઈ પણ બાબતનો પ્રશ્ન હોય તો તે અંગેનો ફ્રિકવન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ (એફ.એક.ક્યુ) અને www.evotingindia.com ઉપર વોટીંગ યુઝર મેન્યુઅલનો હેલ્પ સેક્શનમાં અથવા કંપનીના કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ ઓફીસર શ્રી અનંત ભટ્ટનો ઉપર જણાવેલ સરનામા ઉપર કંપનીનો સંપર્ક અથવા info@ifinservices.com પર ઈ-મેઈલ કરી ફોન નં ૦૭૯-૨૬૫૮૧૨૪૦ પર ફોન પર પણ પૂછી શકો છો.
૭. કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ મુજબ તેના રૂલ ૧૦ (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્શન) રૂલ, ૨૦૧૪ અને રૂલ્સ ૪૨મુજબ સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ રીક્વાયરમેન્ટ રેગ્યુલેશન, ૨૦૧૫ હેઠળ સભ્ય નોંધણીની કાર્યવાહી અને શેર ટ્રાન્સફર બુક, ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮ શનિવાર થી શુક્રવાર, ૧૪મી સપ્ટેમ્બર,૨૦૧૮ (બન્ને દિવસ સહિત) કંપની ની વાર્ષિક સામાન્ય સભા અને ૩૧મી માર્ચ, ૨૦૧૮ના વાર્ષિક નાણાંકીય પરિણામ માટે બંધ રહેશે.

**ઈન્ટરેક્ટીવ ફાઈનાન્સીયલ સર્વીસેસ લીમીટેડ, વતી**
**સહી/-**
**શ્રી ઉદયન માંડવીયા**
**મેનેજીંગ ડાયરેક્ટર**
**ડીન નં.૦૦૭૪૦૬૧૫**
**તારીખ : ૨૦/૦૮/૨૦૧૮**
**સ્થળ : અમદાવાદ**